### SSG હોસ્પિટનુ વહીવટી તંત્ર ફાયર સેફ્ટી મામલે બેદરકાર

# સુપ્રિટેન્ડન્ટ ઓફિસ બહાર જ લટકતા ફાયર એક્સ્ટીંગ્યુશર એક્સપાયરી ડેટવાળા

**નવ દિવસ** પહેલા ફાયર એક્સ્ટીંગ્યુશરના વપરાશની માત્રા પુરી થઈ ગઈ છતા બદલવામા આવ્યા નથી







(પ્રતિનિધિ) વડોદરા તા.18

નાની સરખી ગફલત પણ આગનું કારણ બની શકે છે. ત્યારે તમામ સરકારી કચેરીઓમાં હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીનાં સાધનો ફીટ કરાવવા પરિપત્ર થયો અને ફીટ કરાયા પણ હતા. જ્યારે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ફીટ કરેલ ફાયર એક્સ્ટીંગ્યુશર એક્સપાયરી થઈ ગયું હોવા છતાં તે બદલાવવાની તસ્દી લેવાઈ નથી. આગ લાગે ત્યારે કુવો ખોદવાનો વારો આવે તેના કરતા આગોતરૂ આયોજન જરૂરી છે.

ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે આગજનીના બનાવોમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ વડોદરાની એસએસજી હોસ્પિટલમાં તંત્રની બેદરકારી જોવા મળી છે. ફાયર સેફટીના સાધનો એક્સપાયરી ડેટ વાળા નજરે પડ્યા હતા. મધ્યગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં શહેર જિલ્લા અને રાજ્ય બહારથી પણ જરૂરિયાત મંદ દર્દીઓ સારવાર અર્થે આવતા હોય છે. હાલમાં જ સયાજી હોસ્પિટલમાં દર્દીઓના સુખાર્થે સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી અને સયાજી હોસ્પિટલમાં વિવિધ સુવિધા ઉભી કરવામાં આવી હતી. જોકે સયાજી હોસ્પિટલનું વહીવટી તંત્ર ભર નિંદ્રામાં લાગી રહ્યું છે. સયાજી હોસ્પિટલનો મહત્વનો કહેવાતો વિભાગ તાત્કાલિક સારવાર કેન્દ્રની અંદર ફાયર એક્સટિંગ્યુશર એક્સપાયરી ડેટ વાળા જોવા મળ્યા છે.

આ સાથે સુપ્રિટેન્ડન્ટ ઓફિસ બહાર પણ લાગેલા ફાયર એક્સ્ટીંગ્યુશરની એક્સપાયરી ડેટ પતિ ગઈ છે. છતાં તેને હટાવવામાં આવ્યા નથી. જો કોઈ આગજનીનો બનાવ બનશે તો જવાબદાર કોણ ? તેવા સવાલો ઉઠવા માંડ્યા છે. અગાઉ તક્ષશિલા દુર્ઘટના અને કોરોના કાળ દરમિયાન હોસ્પિટલોમાં લાગેલી આગની ઘટનાઓ બાદ સરકાર સલામતી અને સુરક્ષા મામલે એક્શનમાં આવી હતી. અને ફાયર સેફટી મામલે કાર્યવાહી હાથધરવામાં આવી હતી. તે વખતે પણ સયાજી હોસ્પિટલમાં લાગેલા ફાયર સેફટીના સાધનોની ચકાસણી કરવામાં આવી હતી. જોકે આ વાતને પણ વર્ષો વીતી ગયા હાલ રામ રાજ પ્રજા સુખી જેવો ઘાટ ઉભો થયો છે. પરંતુ અહીં વાત દૂર દૂરથી આવતા જરૂરિયાત મંદ દર્દીઓના જીવના જોખમની છે. ત્યારે સયાજી હોસ્પિટલમાં લાગેલા ફાયર સેફટીના સાધનો જે એક્સપાયરી ડેટ વાળા લટકતી હાલતમાં જોવા મળતા આ દ્રશ્ય વહીવટી તંત્રની બેદરકારી છતી કરે છે.

### સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો ધસારો

# બેવડી ઋતુના કારણે શરદી ખાંસીના કેસોમાં વધારો નોંધાયો

**ભારે ભીડવાળી** જગ્યાઓ પર જવાનું ટાળવા તબીબની સલાહ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

સિઝનમાં બદલાવ આવવાના કારણે શરદી, ખાંસી અને તાવના કેસોમાં વધારો નોંધાયો છે. સવારે ઠંડી, બપોરે ગરમી અને રાત્રે ઠંડીને લઈ નગરજનો મિશ્ર ઋતુનો અનુભવ કરી રહ્યા છે. જેને લઈ વાયરલજન્ય રોગચાળાએ માથુ ઉચક્યું છે. ત્યારે સરકારી સહિત ખાનગી હોસ્પિટલોમાં પણ દર્દીઓનો ધસારો વધવા માંડ્યો છે.

હાલ અનુભવાઈ રહેલી બેવડી ઋતુના કારણે શરદી ખાંસી અને તાવના કેસોમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.સરકારી હોસ્પિટલોમાં વાઈરલ ઈન્ફેક્શનના દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરના ચેપીરોગ હોસ્પિટલ ખાતે પણ પથારીઓ ભરાઈ રહી છે. ત્યારે પાલિકા દ્વારા પણ રોગચાળા અટકાયતી કામગીરી કરવામાં આવી રહી છે. પાલિકાની 193 ટીમ દ્વારા દરરોજ વિવિધ વિસ્તારોની મુલાકાત લેવામાં આવી રહી છે અને તેમાં ફોગીંગ પણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે વડોદરા શહેરની ચેપી રોગ હોસ્પિટલમાં પણ શરદી ખાંસી તાવના દર્દીઓ જોવા મળ્યા છે 40 જેટલી પથારીઓમાં દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે અન્ય 20 પથારીનો વોર્ડ પણ જરૂર જણાશે તો કાર્યરત કરી દેવામાં આવશે. તો બીજી તરફ શહેરની સૌથી મોટી સયાજી હોસ્પિટલના ઓપીડી વિભાગમાં પણ દર્દીઓનો ધસારો જોવા મળ્યો છે.

#### નાના બાળકોનું વિશેષ ધ્યાન રાખવું



અત્યારે બધે માત્ર એક જ બીમારી શરદી ખાંસી અને તાવ જોવા મળી રહ્યો છે જે વાયરલ ઇન્ફેક્શન છે. ખાંસી 15 દિવસથી એક મહિના સુધી ચાલે છે. ગળામાં કે છાતીમાં ઇન્ફેક્શન હોય તો જ એન્ટિબાયોટિકની જરૂર પડે. નહીં તો સામાન્ય શરદી ખાંસી ની દવા થી કંટ્રોલમાં આવે છે. નાના બાળકોમાં આપણે વિશેષ ધ્યાન રાખવાનું કે બાળકને શ્વાસ લેવાની તકલીફ હોય આરામદાયક ન હોય તો ખાસ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની સલાહ લેવી. **-ડો.રાજેશ શાહ**

#### વાયરલ ડિસીઝના કેસોમાં વધારો



આ એક ટ્રેન્ડ છે દર વખતે જે આ સિઝનમાં જોવા મળે બેવડી ઋતુ એટલે કે રાત્રે ઠંડક થાય અને સવારે દિવસ દરમિયાન ગરમી હોય. આ જે ટેમ્પરેચર જે છે અને વાતાવરણ છે એ વાયરસને બહુ માફક આવતું હોય છે. એટલે આ સિઝનમાં વાયરલ ડીસીઝના કેશોમાં વધારે પ્રમાણ છે આ વર્ષે પણ આપણે જે શરદી ખાંસી તાઓ એ વાયરલ ડીસીઝના લક્ષણો હોય એવા કેસો વધારે જોવા મળી રહ્યા છે અને એના કારણે એ જ પ્રકારના દર્દીઓ ઓપીડી-ઇન્ડોર માં દાખલ છે. **- ડો.પ્રિતેશ શાહ**

### વડસર બ્રિજ નીચે જ માંજલપુર પોલીસનો સપાટો

# દારૂની મહેફીલ પર પોલીસની રેડ : પાંચ નબીરા ઝડપાયા

**ચાર મોબાાઇલ,** બુલેટ સહિત ત્રણ વાહનો મળી રૂ. 1.57 લાખનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલા વડસર બ્રિજ નાચેથી ચાલતી દારૂની મહેફીલ પર માંજલપુર પોલીસે રેડ કરીને પાંચ નબીરાઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી ચાર મોબાઈલ અને ત્રણ વાહનો મળીને રૂ. 1.57 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મકરપુરા જીઆઈડીસી વડસર બ્રિજ નીચે ખુલ્લા ગ્રાઉન્ડમાં લોકો ભેગા મળી દારૂની મહેફીલ માણી રહ્યા છે તેવી વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરતી માંજલપુર પોલીસને રવિવારે બાતમી મળી હતી. જેના આધારે પોલીસે માહિતી મુજબના મકાનમાં રેડી કરી હતી. જેમાં સ્થળ પરથી દારૂની પાર્ટી કરતા પાંચ નબીરા દિનેશ સુરેશચંદ્ર જગતાપ, વિશાલ દિનેશ જાદ, કલ્પેશ નરેન્દ્ર પરમાર, રવિગીરી અક્ષય ગીરી તથા હાર્દિક રમેશ મહિળાને ઝડપી પાડ્યા હતા. પોલીસે નબીરાઓની અંગજડતી કરતા ચાર મોબાઈલ અને ત્રણ વાહનો મળી રૂ. 1.57 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હોળી ધૂળેટીના તહેવાર પહેલાં પોલીસ દ્વારા બૂટલેગરો ઉપર તવાઈ બોલાવવામાં આવી રહી છે. ઉપરાંત દારૂના મહેફિલો ઉપર પણ બાજ નજર રાખવામાં આવી રહી છે. તહેવારોના સમયમાં વિદેશી દારૂ વડોદરામાં વધુ માત્ર ન ઠવાલય અને લોકો નશાથી દૂર રહે તે માટે પોલીસ વિભાગ સતર્ક બન્યું છે અને અસામાજીક તત્ત્વો સામે કડક રાહે કાર્યવાહી કરી કાયદેસરના પગલાં ભરવામાં આવી રહ્યા છે.

## મધુનગરનો ચર્ચનો ગેટ તોડવા બાબતે સ્થાનિકોનું આવેદન પત્ર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા મધુનગરના ચર્ચનો ગેટ પાલિકા દ્વારા તોડી પાડવામાં આવ્યો હતો ત્યારે આ બાબત કોર્ટમાં ચાલતી હોવાથી પાલિકા કેવી રીતે આ કાર્યવાહી કરી શકે તેવી રજૂઆત કરવા સ્થાનિકો પાલિકા કચેરી ખાતે પહોંચ્યા હતા

ગોરવા વિસ્તારમાં મધુનગર ખાતે આવેલા ચર્ચનો ગેટ શનિવારે પાલિકાની દબાણ શાખાની ટિમ દ્વારા તોડી પાડવામાં આવ્યો હતો. આ જમીનની મેટર હાલમાં કોર્ટમાં ચાલી રહી છે અને તેનો કોઈ હુકમ નથી આવ્યો તેમ છતાં દબાણ શાખાએ આ ગેટ તોડી નાખતા ખ્રસ્તી ધર્મગુરુઓ તથા સ્થાનિકો મોરચો લઈને પાલિકા કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. અને આ કાયા કારણોસર ગેટ તોડી પાડવામાં આવ્યો કોર્ટના હુકમ પહેલા આ યોગ્ય છે તેવી રજૂઆત મ્યુનિસિપલ કમિશ્નર સમક્ષ કરવામાં આવી હતી અને સ્થાનિકોએ પાલિકા દ્વારા હેરાનગતિ કરવામાં ન આવે તેવી માગણી કરી હતી.

### મોબાઇલ ચોરી બાદ ચોખંડી વિસ્તારમાં સાયકલ ચોરને ક્રાઇમ બ્રાન્ચે દબોચી લીધો

# વિવિધ ટ્યૂશન ક્લાસીસ બહાર પાર્ક કરેલી 15 સાયકલ ચોરનાર ઝડપાયો

**સાયકલ** મોંઘી હોવા છતાં રોકડી કરવા માટે રૂ. 200થી 1000માં વેચી નાખતો હતો



(પ્રતિનિધિ) વડોદરા, તા.18

ક્રાઇમ બ્રાન્ચે ચોખંડી વિસ્તારમાંથી સાયકલ ચોરનારને દબોચી લીધો હતો. તેની પાસેથી 15 સાયકલ મળી 44 હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે.

તાજેતરમાં જ છાણી વિસ્તારમાં લોકોની નજર ચૂકવી મોબાઈલની ચોરી કરનાર તસ્કરને પોલીસ ઝડપી પાડતા 10 મોબાઈલ ચોરીની ભેદ ઉકેલ્યો હતો. ત્યારે હવે શહેરમાંથી સાયકલને દબોચી લેવાયો છે. છેલ્લા કેટલાક સમયથી ટ્યુશન ક્લાસીસમાં આવતા વિદ્યાર્થીઓની સાયકલોની ચોરી પોલીસ ચોપડે નોંધાઇ હતી. દરમિયાન ક્રાઇમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે અગાઉ સાયકલ ચોરીના ગુનાનો આરોપી શ્રીકાંત ઉર્ફે ગુંગો છોટેલાલ સરોજ (રહે, ગાજરાવાડી , ઈદગાહ મેદાન સામે વડોદરા) સ્પોર્ટ્સ સાયકલ સાથે ચોખંડી રોડ પર ઉભો છે. ક્રાઇમ બ્રાન્ચે સ્થળ પર પહોંચી સાયકલ સાથે દબોચી લીધો હતો. જેથી તેની પાસે સાયકલના પુરાવાની માગણી કરતા ન હતા અને આ સાયકલ સમા વિસ્તારમાં ચોરી કરી હોવાનુ જણાવ્યું હતું. ઉપરાંત તેણે છેલ્લા 15 મહિનામાં 14 જેટલી સાયકલોની ચોરી કરી હોવાની પણ કબૂલાત કરી હતી. જેથી તેની પાસેથી 15 સાયકલ મળી 44 હજારનો મુદ્દામાલ કબજે કરી ત્રણ ચોરી સમાની હોય આગળની કાર્યવાહી માટે સમા પોલીસને સુપ્રત કરાયો છે, ઉલ્લેખનીય છે કે આરોપી શ્રીકાંત ઉર્ફે ગુંગો વ્રષ 2015થી સાયકલ ચોરીઓ કરે છે. આરોપી સામે સાયકલ ચોરીના 25 સહિત 28 ગુના શહેરમાં નોંધાયેલા છે. ઉલ્લેખનીય છે કે ચોર મોઘી હોવા છતાં માત્ર રૂપિયા 200થી 1000માં વેચી મારતો હતો.

# ઈતિહાસમાં પહેલીવાર કોલેજોમાં પ્રવેશ માટે કોમન રજિસ્ટ્રેશન

**1 એપ્રિલથી** ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરાશે :

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને કોઈ અગવડતા ન પડે તેવા હેતુ હેતુથી નિયમોમાં સુધારા વધારા કરવામાં આવતા હોય છે જેના ભાગરૂપે સર્વ પ્રથમ વખત હવે ધોરણ 12 પછી કોલેજોમાં પ્રવેશ માટે કોમન કાર્યવાહી રાખવામાં આવી છે. જેથી અલગ અલગ કોલેજોમાં એડમિશન માટે ધક્કા ખાતા લાખો વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે.

અગાઉના વર્ષોમાં વિદ્યાર્થીઓને જુદી જુદી કોલેજોમાં પ્રવેશ માટે ધક્કા ખાવા પડતા હતા. હવે વિદ્યાર્થીઓને અગવડતા તો ન પડે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 12 પછી કોલેજોમાં પ્રવેશ માટેની કોમન કાર્યવાહી અને કોમન રજીસ્ટ્રેશન પ્રોસેસ રાખવામાં આવી છે જેથી વિદ્યાર્થીઓને હવે મોટી રાહત મળશે આ અંગે પરીક્ષા બોર્ડને પણ શિક્ષણ વિભાગ દ્વારા સૂચનાઓ આપી દેવામાં આવી છે કે તમામ પ્રવાહોમાં ધોરણ 12 ની પરીક્ષા પૂરી થયા બાદ 3 સપ્તાહમાં પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ જાહેર કરવાનું રહેશે ધોરણ 12 ની પરીક્ષા બાદ આગામી દિવસોમાં કોલેજમાં પ્રવેશ અંગેની કાર્યવાહી માટે કોમન એડમિશન પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશનની જાહેરાત કરવામાં આવી હતી.

હવે શિક્ષણ વિભાગ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની પ્રક્રિયા કેવી રીતે કરવાની રહેશે તેની વિગતો પણ જાહેર કરી દીધી છે. જેમાં ધોરણ 12 ની પરીક્ષા પૂર્ણ થયા બાદ પહેલી એપ્રિલથી ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ કરવાનું નક્કી કરવા માગ્યું છે. આ રજીસ્ટ્રેશન થી લઈને પ્રવેશ ફાળવણી સુધીની કામગીરી કેવી રીતે અને કેટલા સમયમાં કરવી તેની જાહેરાત કરવામાં આવી છે. હાલમાં 14 યુનિવર્સિટીએ આ પ્રકારે સમય મર્યાદામાં કામગીરી કરવાની રહેશે. જો કોઈ યુનિવર્સિટી યુઝી કોર્સમાં એન્ટ્રન્સ ટેસ્ટ લેવાની હોય તો એક સપ્તાહમાં એન્ટ્રન્સ ટેસ્ટ લઈને પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ બનાવવાની કામગીરી કરવાની રહેશે.

### ગ્રામજનોએ કલેક્ટર, જિલ્લા અને તાલુકા શિક્ષણ અધિકારીને રજૂઆત કરી

# પાદરાની દાજીપુરા પ્રાથમિક શાળામાં શિક્ષકની જગ્યા પર ભરતી કરવા માંગ

( પ્રતિનિધિ ) વડોદરા તા.18



પાદરાની દાજીપુરા પ્રાથમિક શાળામાં ખાલી પડેલી શિક્ષકની જગ્યા તાત્કાલિક અસરથી ભરતી કરવાની માંગ સાથે ગ્રામજનોએ કલેક્ટર , જિલ્લા અને તાલુકા શિક્ષણ અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

પાદરા ના જાસપુરના દાજીપુરા ખાતે પ્રાથમિક શાળામાં ધોરણ 1 થી 5 સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. આ શાળામાં શિક્ષકોની ખાલી પડેલી જગ્યા ભરવા બાબતે ગ્રામજનો દ્વારા વડોદરા જિલ્લા કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર સુપરત કર્યું હતું. દાજીપુરા પ્રાથમિક શાળામાં બે શિક્ષકો પૈકી એક શિક્ષકનું હાર્ટ એટેકને કારણે મોત નીપજતા હાલ શાળામાં એક શિક્ષક છે અને એક શિક્ષકની ઘટ સર્જાય છે. એક શિક્ષક હોવાથી તમામ બાળકોને અભ્યાસ શક્ય ન હોવાથી તાત્કાલિક અસરથી આ ખાલી પડેલી શિક્ષકની જગ્યા ભરતી કરવામાં આવે તેવી માંગ ગ્રામજનોએ કરી છે. જો વહેલી તકે શિક્ષકોની ભરતી કરવામાં નહીં આવે તો વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહી જશે તેવી ભીતિ ગ્રામજનોમાં છે. ગ્રામજનો એ આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને વડોદરા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી.

### જાતિવિષયક અપશબ્દો ભાંડી માતાને પણ માર માર્યો

# બકરાવાડીમાં વ્યાજખોર પિતા-પુત્રનો બે ભાઈ પર કાતરથી હુમલો

**લોહીલુહાણ** હાલતમાં બંને ભાઇઓને સયાજી હોસ્પિટલમાં ખસેડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શહેરના બકરાવાડી રોહિતપોળમાં રહેતા ચિરાગભાઈ બાબુભાઈ પરમારે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે છ વર્ષ પહેલા મારા કાકા બાપાના ભાઈ કૈલાશભાઈ ચંદુભાઈ પરમારે જીતેન્દ્ર હસમુખ ચાવડા પાસેથી રૂ. 20 હજાર વ્યાજે લીધા હતા., જેનુ હુ તેઓને દર મહીને 10 ટકા લેખે બે હજાર રૂપિયા ચૂકવતો હતો. દરમિયાન રવિવારે સાંજે જીતેન્દ્ર ચાવડા મારા ભાઈના ઘરે રૂપિયાની માગણી કરવા માટે આવ્યો હતો જેની જાણ મારા ભાઈ કૈલાશને થઇ હતી ત્યારે તેઓ તુરંત જીતેન્દ્ર ચાવડાની પાસે પહોંચી ગયા હતા અને તમે ઘરે આવીને કેમ ગાળો બોલતા હતા તેવુ કહ્યું હતું. જેના કારણે કૈલાશ તથા જીતેન્દ્ર વચ્ચે બોલાચાલી થઇ હતી. જેમાં કૈલાશની ફેટ પકડી ઝપા-ઝાપી કરવા લાગ્યો હતો ત્યારે કૈલાશની માતા વચ્ચે પડતાં જીતેન્દ્ર ચાવડાની પત્નીએ તેઓએ ધક્કો મારી જાતિ વિષયક અપશબ્દો ભાંડયા હતા. તેઓને જાતિ વિષયક શબ્દો નહીં બોલવાનુ જણવતા બન્ને ભાઇઓ ઉપર જીતેન્દ્રદુકાનમાંથી કાતર લઇ આવી હુમલો કર્યો હતો. ત્યારબાદ જીતેન્દ્રના પુત્ર નિશીતને ફોન કરી બોલાવતા તેણે પણ કાતરથી હુમલાનો પ્રયાસ કર્યો હતો. જેથી બંને ભાઈને લોહીલુહાણ હાલતમાં તાત્કાલીક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખેસેડાયા હતા. નવાપુરા પોલીસ તેમની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોરવા લક્ષ્મીપુરા રોડ પરથી 42 હજારના દારૂ સાથે મહિલા ઝડપાઈ

**પોલીસે** શ્રીજી ટેનામેન્ટના રહેણાક મકાનમાં રેડ કરી




(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરાના લક્ષ્મીપુરા રોડ પર શ્રીજી ટેનામેન્ટના રહેણાક મકાનમાં ગોરવા પોલીસે રેડ કરીને 42 હજારના વિદેશી દારૂ તથા બિયરના ટીમ સાથે એક મહિલાને ઝડપી પાડવામાં આવી હતી.

ગોરવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન બાતમી મળી હતી કે લક્ષ્મીપુરા ગોરવા રોડ પર સી કે પ્રજાપતિ સ્કૂલની પાછળ આવેલા શ્રીજી ટેનામેન્ટના રહેણાક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેના આધારે પોલીસન ટીમે બાતમી મુજબના સ્થળ પર રેડ કરતા સ્થળ પરથી એક મહિલા મળી આવી હતી.

તને સાથે રાખીને ઘરમાં તપાસ કરતા બેડરૂમમાંથી એક થેલામાંથી વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીન મળી આવ્યા હતા. જેથી પોલીસે સ્થળ પરથી 42 હજારના વિદેશી દારૂ સહિત 42 હજારના મુદ્દામાલ સાથે મહિલાની ધરપકડ કરાઇ હતી. મહિલા કોની પાસેથી દારૂનો જથ્થો લાવી હતી તેની પૂછપરછ કરાઇ હતી.

# 25 માર્ચે થનાર છાયા ચંદ્રગ્રહણનો પ્રભાવ દેશ અને દુનિયા પર જોવા મળશે

**અશુભ** ફળ થી રાહત પ્રાપ્ત કરવા માટે મહાદેવ ની ભક્તિ લાભ કારી રહે

(પ્રતિનિધિ) વડોદરા તા.18

તારીખ 25 માર્ચ ને મંગળવારના ધુળેટી ના રોજ કન્યા રાશિમાં છાયા ચંદ્રગ્રહણ થશે આ છાયા ચંદ્રગ્રહણ ભારતમાં દેખાવાનું નથી અને ગ્રહણના લગતા નિયમો પણ પાળવાની જરૂર નથી પરંતુ આ આયા ચંદ્રગ્રહણ નો પ્રભાવ દેશ દુનિયા માં જોવા મળશે આ છાયા ચંદ્રગ્રહણ ફક્ત અમેરિકામાં જ દેખાશે ભારતીય સમય અનુસાર ભૂમંડળ પર ગ્રહણનો સ્પર્શ સવારે 10 કલાકની 23 મિનિટ થશે ગ્રહણનું મધ્ય સવારે 12:00 કલાકને 42 મિનિટ થશે અને ગ્રહણનો મોક્ષ બપોરે ત્રણ કલાક અને બે મિનિટ થશે આ છાયા ગ્રહણ કન્યા રાશિમાં થનારું છે સાથે આ ગ્રહણ નો પ્રભાવ કન્યા રાશિ મકર રાશિ મીન રાશિ કર્ક રાશિ મેષ રાશિ અને વૃશ્ચિક રાશિ પર વિશેષ જોવા મળશે સાથે વૃષભ,મિથુન,સિંહ,તુલા,ધન અને કુંભ રાશિ ના જાતકોને પર શુભ પ્રભાવ જોવા મળશે દેશ દુનિયાની વાત કરીએ તો આ ગ્રહણના વિશેષ પ્રભાવમાં જનમ માણસમાં ઉગ્રતા , આગ જની ના બનાવો,માનવસર્જિત ઉપદ્રવો,વાતાવરણમાં રોગચાળા ની સમસ્યા અથવા રોગચાળો વકરવો,ઘણા દેશો વચ્ચે ઉગ્રતા વધે અને ઉપદ્રવો થાય,શેર બજાર માં પણ મોટા પાયે ઉતાર ચડાવ જોવા મળે.



જ્યોતિષાચાર્ય સત્યમ જોષી

જોકે આ ગ્રહણ ફક્ત અમેરિકા માં જ દેખાશે ભારત માં આ ગ્રહણ ક્યાંય દેખાવાનું નથી માટે તેને લગતા નિયમો પાળવાની જરૂર નથી પરંતુ ગ્રહણ એક ખગોળીય ઘટના છે અને તેનો એક વિશેષ પ્રભાવ હોય છે ભલે તે ભારત માં દેખાવા નું નથી પરંતુ આ છાયા ગ્રહણ નો પ્રભાવ દેશ દુનિયા પર જોવા મળશે.

#### બારે રાશિનાં જાતકો પર પ્રભાવ

**મેષ** : વિવાદો ને ટાળવા

**વૃષભ** : ઉતાવળે નિર્ણય ન લેવા,સફળતા મળે

**મિથુન** : લાભ ની તકો મળે

**કર્ક** : ઉગ્રતા થી બચવું ,શારીરિક તનાવો થી બચવું

**સિંહ** : સંતના થી લાભ , કાર્ય લાભ

**કન્યા** : પારિવારિક અને સરકારી ઉપદ્રવો થી બચવું બને તો ટાળવા નો પ્રયાસ કરવો

**તુલા** : લાભ ની તકો મળે પરંતુ કોઇ ના જામીન દાર થતા 10 વાર વિચારવું

**વૃશ્ચિક** : વ્યાપારિક કાર્ય માં ઉતાવળે અને વિશ્વાસ માં નિર્ણયો ન લેવા ,ઉગ્રતા થી બચવું

**ધન** : સારા સુખ ના સંકેત

**મકર** : ક્રોધ વશ નિર્ણય અને કર્યો નક્કવા,શારીરિક ગર્મી થી બચવું,ધીરજ થી નિર્ણયો લેવા લાભ કારી

**કુંભ** : વિવાદો થી બચવું , લાભ ની તકો ઉભી થાય

**મીન** : આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું ,અને યોગ્ય નિર્ણય થી લાભ થાય

## પાવાગઢમાં બસ ઉપરથી પડી જતાં આધેડનુ મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

ગોધરા તાલુકાના રામપુર (મેડડા) ખાતે રહેતા રાકેશભાઈ પંચાલ (ઉ.વ. 51) નું ગત તા. 15 માર્ચે પાવાગઢ બસસ્ટેન્ડ ખાતે બસમાં ચઢતી વેળાએ અચાનક નીચે પટકાતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે તેઓને પ્રથમ પ્રાથમિક સારવાર અર્થે હાલોલ ખાતેના સીએચસી સેન્ટર ખાતે ખસેડાયા હતા. જ્યાં તેઓને ટૂંકી સારવાર બાદ વધુ સારવાર અર્થે તા.15મી માર્ચના રોજ સવા નવ વાગ્યે હાલોલ થી વડોદરાના એસ.એસ.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને તેઓની સારવાર શરૂ કરવામાં આવી હતી ત્યારે તા.18મી માર્ચ ને સોમવારે બપોરે સાડા ત્રણ કલાકે SICU સર્જરી FFયુનિટ ખાતે તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતુ જે અંગે હોસ્પિટલ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની સાથે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

HDFC BANK એચડીએફસી બેન્ક લિમિટેડ પઝેશન નોટિસ

એચડીએફસી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ. ફોન : (૦૭૯) ૬૬૩૦૭૦૦૦

**એચડીએફસી બેન્ક લિમિટેડ**ના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

| અનુ. નં. | બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ | તારીખના રોજ બાકી લેણાં* રૂ. | ડિમાન્ડ નોટિસ તારીખ | પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક | સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન |
| --- | --- | --- | --- | --- | --- |
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) |
| ૧ | શ્રી રાજેશ રમણલાલ શાહ (બોરોઅર) શ્રીમતી હેમાંગીનીબેન શાહ (કો-બોરોઅર) | રૂા. ૩૮,૩૦,૧૮૪/- ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ* | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ | ૧૨ માર્ચ, ૨૦૨૪ ફીઝિકલ પઝેશન | ફ્લેટ-૧૦૧, પહેલો માળ, ડવ ડેક ટાવર-એલ, સ. નં. ૧૧, પી-૨, પાયોનીયર મેડીકલ કોલેજ સામે, અમેરિકન સ્કૂલ ઓફ બરોડા પાસે, વડોદરા-આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. |

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજુર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સ) / કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

વતી, એચડીએફસી બેન્ક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

તારીખ : ૧૮-૦૩-૨૦૨૪
સ્થળ : અમદાવાદ/વડોદરા

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com